
# ૭૧માં ભારતીય બંધારણ દિવસ ઉજવણી કાર્યક્રમ અહેવાલ

ભારત સરકાર દ્વારા ભારતના બંધારણને અપનાવવાની સ્મૃતિના ભાગ રૂપે તથા ૭૧માં ભારતીય સંવિધાન દિવસની ઉજવણી કરવા ભારતીય બંધારણના આમુખનાં વાંચનનું આયોજન ભારતના મહામહિમ રાષ્ટ્રપતિજીની અધ્યક્ષતામાં કરવામાં આવેલ જેનું જીવંત પ્રસારણ DD News પર તા. 26-11-2020ના રોજ સવારે 11 કલાકે કરવામાં આવેલ. યુનિવર્સિટી દ્વારા આ પ્રસારણ વિદ્યાર્થીઓ અને જન સમુદાયને તેના ફેસબુક પેજના માધ્યમથી નિહાળવાં માટે ઉપલબ્ધ કરવામાં આવેલ.











ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ભારતીય બંધારણના આમુખનાં વાંચનનું આયોજન વર્ચુયલ માધ્યમથી માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં તા. 26-12-

2020ના રોજ 10:45 કલાકે આયોજન કરવામાં આવેલ હતું જેમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તથા સર્વે અધ્યાપકશ્રીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવેલ તથા ડૉ. પ્રિયાન્કી વ્યાસ દ્વારા ભારતીય બંધારણના આમુખનું વાંચન કરવામાં આવેલ હતુ. ભારતના મહાન બંધારણના સ્વપ્નદ્રષ્ટા આર્કિટેક્ટ ડો. બી. આર. આંબેડકરજીને શ્રદ્ધાંજલિ અર્પી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ સમગ્ર વર્ચુઅલ કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાંશુ પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ.




meet.google.com/avt-fram-bxs
REC
Dr. Himanshu Patel is presenting
Vice Chancellor B... and 23 more
10:58 AM
You
સામાજિક, આર્થિક અને રાજકીય .......................... ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ................................. સ્વતંત્રતા
દરજ્જા અને તકની .................................... સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો,
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી .................. બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
You
Dr. Diptiba Gohil
nilesh bokhani
Dr. Priyankiben Vy...
Dhaval Pandya
Awa Shukla


meet.google.com/avt-fram-bxs?pli=1&authuser=1
REC
Kinjal Parmar and 12 more
11:01 AM
You
siddhi trivedi
Meena Rajput
nilesh bokhani
Saumil Trivedi
Kruti Chhaya
Dr. Diptiba Gohil
Vice Chancellor BAOU has left the meeting
Archana Bhatt and 1 more joined

## ક્વિઝના આયોજન થકી બંધારણ સ્મૃતિ દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGCના તા.૨૨-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે ૭૦માં ભારતીય બંધારણ દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા. ૨૯/૦૭/૨૦૨૦ના રોજ COVID-19ની મહામારીને ધ્યાને લઈ વર્ચ્યુઅલ માધ્યમથી ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- Lib.Sci.) અને ડૉ. હિમાંશુ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર કોમ્પ્યૂટર સાયન્સ)ની કામગીરી હેઠળ ભારતીય બંધારણ વિષયની ઓનલાઈન એક કલાકની ક્વિઝનું આયોજન કરવામાં આવેલ. આ ક્વિઝમાં આશરે ૪૦૦૦ વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના બિનશૈક્ષણિક સ્ટાફે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. અને તે તમામને ઓનલાઈન સર્ટિફિકેટ અપાયા. તમામ સહભાગીઓએ આ ક્વિઝને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી.

## ડૉ. એસ.આર. રંગનાથનના જન્મદિવસની ઉજવણી
## લાઈબ્રેરિયન ડે

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અનુસાર તા. ૧૪/૦૮/૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ડૉ. એસ.આર. રંગનાથનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે 'લાઈબ્રેરિયન્સ ડે' નિમિત્તે ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું. સમગ્ર સ્પર્ધાનું સંકલન ડૉ. પ્રીયાંકી વ્યાસ અને ડૉ. હીના અંકુયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં રજીસ્ટ્રેશન રાખવામાં આવેલ ન હતું. આ ક્વિઝમાં ભાગ લેવા માટે આપેલ લિંક પર ક્લિક કરતા ક્વિઝ શરૂ થાય એવું આયોજન કરેલ. જેમાં તા.૧૪/૦૮/૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી ૧૨:૩૦ કલાક સુધી આ લિંક એક્ટીવ રહે તેવા પ્રકારે આયોજન કરવામાં આવેલ હતું. આ ક્વિઝમાં કુલ ૩૦ ગુણના ૩૦ બહુ વૈકલ્પિક પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના માટે કોઈપણ પ્રકારનું નેગેટિવ માર્કિંગ રખાયું નહોતું. આ ક્વિઝના પ્રશ્નોનું મૂલ્યાંકન ઓનલાઈન આપોઆપ થાય તથા ૪૦%થી વધારે ગુણ મેળવેલ ઉમેદવારોને ક્વિઝ પૂર્ણ થાય કે તરત એમના ઈમેલ પર નીચે દર્શાવેલ ફોરમેટ મુજબનું ઈ-સર્ટિફિકેટ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ક્વિઝમાં કુલ ૩૧૩ ઉમેદવારોએ ભાગ લીધો હતો. ક્વિઝમાં ૮૦% ઉમેદવારોએ સફળતા પ્રાપ્ત કરી હતી. આ ક્વિઝને વર્ચ્યુઅલ માધ્યમની ઉત્તમ સુવિધા માટે મદદરૂપ થનાર ડૉ. હિમાંશુ પટેલનો સહકાર સરાહનીય રહ્યો.



# ભારતીય બંધારણ દિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૭૧મા ભારતીય બંધારણ દિવસની ઉજવણીના ઉપક્રમે તારીખ ૨૬/૧૧/૨૦૨૦ને ગુરુવારના રોજ ઓનલાઈન આમુખ વાંચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગ્રંથાલયમાં બપોરે ૩:૦૦ કલાકે પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડૉ. અમી ઉપાધ્યાય, યુનિવર્સિટીની વિવિધ સ્કૂલના નિયામકો અને ડાયરેક્ટર એકેડેમિક દ્વારા પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના તમામ અધ્યાપકો અને કર્મચારીઓએ પુસ્તક પ્રદર્શનમાં રસપૂર્વક ભાગ લીધો હતો.















# ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા
# ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જીવન-કવન પર આધારિત ઓનલાઈન ક્વીઝ


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGCના તા.૨૨-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે ૭૧મા ભારતીય બંધારણ દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા. ૧૧/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી'ના વિષય આધારિત ઓનલાઈન ક્વિઝનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં આશરે ૫૮૮ વિદ્યાર્થીઓ ઉપરાંત યુનિવર્સિટીના શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને તે તમામ સ્પર્ધકોને ઓનલાઈન સર્ટિફિકેટ પણ અપાયાં હતાં.


તમામ સહભાગીઓએ આ ક્વીઝને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી. આ ક્વિઝને બહોળો પ્રતિસાદ મળ્યો હતો તથા આ ક્વિઝમાં ભાગ લેનાર ઉમેદવારોએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું હતું. રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ક્વિઝ શરૂ કરવા માટેની લિંક ઉમેદવારના ઈ-મેઈલ પર આપોઆપ પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક સુધી લિંક એક્ટિવ રાખવામાં આવી હતી. આ ક્વિઝના પ્રશ્નોનું મૂલ્યાંકન ઓનલાઈન આપોઆપ થાય તથા ૪૦%થી વધારે ગુણ મેળવેલ ઉમેદવારોને ક્વિઝ પૂર્ણ થાય કે તરત જ ઈ—સર્ટિફિકેટ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ તેમજ માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનો આભાર માનવામાં આવ્યો હતો.











## ‘ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા
## ડૉ. બાબાસાહેબ આંબેડકરજી ઓનલાઈન સુવિચાર-સૂત્ર (સ્લોગન) સ્પર્ધા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGCના તા.૨૨-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે ૭૧મા ભારતીય બંધારણ દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા.૨૮/૧૨/૨૦૨૦થી તા.૦૫/૦૧/૨૦૨૧ સુધી ‘ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી’ના વિષય આધારિત સુવિચાર (સ્લોગન) સ્પર્ધા (હરિફાઈ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં સુવિચારો ઈ-મેઈલ દ્વારા મગાવવામાં આવ્યા હતા. આ હરિફાઈમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં અંદાજિત ૬૫ જેટલાં સુવિચાર-સૂત્રો આવ્યાં હતાં. આ સુવિચારોનું મૂલ્યાંકન ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) અને ડૉ. હેતલબેન ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર – ગુજરાતી) દ્વારા કરવામાં આવ્યું હતું. આવેલ સુવિચારોમાંથી નીચે મુજબ દર્શાવેલ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ. ઉત્તીર્ણ થયેલ શ્રેષ્ઠ ત્રણ સૂત્રો લખનારાં વિદ્યાર્થીઓનાં નામ આ પ્રમાણે છે.

૧. આમિર શેખ – પ્રથમ
‘हर फूल को शामिल कर के वह बाग़ाबान बना है,
बाबासाहब के तामिरों से यह हिन्दुस्तान बना हैं!!

૨. રાજવી કાપડિયા – દ્વિતીય
‘भलाई का जिसमें है विधान, वही है भारतीय संविधान!

‘Be Educate, Be Agitate, Be Organize.
‘नहीं मानता मैं हिन्दू और मुसलमान को, में तो मानता हूँ सिर्फ भारतीय संविधान को!

૩. શ્રુતિ મનોજકુમાર સુતરિયા – તૃતીય
‘મણકા જેવું આ સમાજજીવન, જો દોર મહીં પરોવાયે,
સ્વસ્થ સુગંધી સમાજ મળશે, એને બંધારણ માળા કહેવાય.

‘વગર કાયદે પશુપક્ષી પણ જીવે જોને નીતિથી,
માનવજીવન પણ મહેકાયે, જો રહે બંધારણ રીતિથી.


ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઈ-સર્ટિફિકેટ પણ અપાયાં હતાં. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલના માર્ગદર્શન થયું હતું. આ સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહન અને સહકાર માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજી દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા.







# ૭૧મા ભારતીય બંધારણ દિવસ ઉજવણી

ભારત સરકાર દ્વારા ભારતના બંધારણને અપનાવવાની સ્મૃતિના ભાગ રૂપે તથા ૭૧મા ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવા ભારતીય બંધારણના આમુખના વાંચનનું આયોજન ભારતના મહામહિમ રાષ્ટ્રપતિજીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું, જેનું જીવંત પ્રસારણ DD News પર તા. ૨૬/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી દ્વારા આ પ્રસારણ વિદ્યાર્થીઓ અને જન સમુદાય માટે પોતાના ફેસબુક પેજના માધ્યમથી નિહાળવા માટે ઉપલબ્ધ કરવામાં આવ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ભારતીય બંધારણના આમુખના વાંચનનું આયોજન વર્ચ્યુઅલ માધ્યમથી માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં તા. ૨૬/૧૨/૨૦૨૦ના રોજ ૧૦:૪૫ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તથા સર્વે અધ્યાપકશ્રીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવેલ તથા ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા ભારતીય બંધારણના આમુખનું વાંચન કરવામાં આવેલ હતું. ભારતના મહાન બંધારણના સ્વપ્રદ્રષ્ટા આર્કિટેક્ટ ડૉ. બી. આર. આંબેડકરજીને શ્રદ્ધાંજલિ અર્પી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ સમગ્ર વર્ચ્યુઅલ કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાંશુ પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.





# ભારતીય બંધારણ : ભારતીય સંવિધાન અને સ્ત્રી સશક્તિકરણ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ઉપક્રમે તા. ૦૬/૦૩/૨૦૨૦ ના શુક્રવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડરૂમમાં યોજવામાં આવેલ. જેમાં 'ભારતીય સંવિધાન અને સ્ત્રી સશક્તિકરણ' વિષય પર જાણીતા સમાજકાર્યકર ડૉ. ભાવના જોશીપુરાના વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતુ. માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમીબહેન ઉપાધ્યાય , ડૉ. ભાવનાબહેન જોશીપુરા, ડૉ. આવાબહેન શુક્લા તેમજ ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસએ નારીશક્તિના પ્રતીક તરીકે શુભહસ્તે દીપ પ્રાગટ્ય કર્યું હતું. અજવાળાનાં પર્યાય સમી બહેનો, ઉર્જામય સન્નારીઓથી ગૌતમ હોલ ભરાયો હતો. જેમાં નારીશક્તિ વિશે સંગોષ્ટિ થઇ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. દીપ્તિબા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વિચારમંચના આરંભમાં આમંત્રિત મહેમાનોને યુનિવર્સિટીનાં ખેસથી સંમાનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડૉ. આવાબહેન શુક્લા (નિયામક –SS) દ્વારા મુખ્ય વક્તાશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ ડૉ. ભાવનાબેન જોશીપુરાએ ભારતીય સંવિધાનમાં સમાવિષ્ટ સ્ત્રીઓના મૂળભૂત અધિકારો, માનવાધિકારો અને સમાનતાના સિદ્ધાંતો વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતુ. આ ઉપરાંત તેમણે તેમના સમાજકાર્યને લગતા કેટલાંક અનુભવોની પણ ચર્ચા કરી. માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય એ અધ્યક્ષીય ઉદ્દબોધનમાં સ્ત્રીઓએ પોતાની જાતને જાગૃત કરવા બાબત તેમજ બંધારણમાં મળતા અધિકારો અને હકોની સમજણ આપી. આ કાર્યક્રમની પૂર્ણાહુતી ડૉ. ભાવનાબહેન જોશીપુરાના સ્લોગનથી અને ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસના આભાર દર્શન દ્વારા કરવામાં આવી હતી. આંબેડકર યુનિવર્સિટીની તમામ બહેનોએ સમગ્ર કાર્યક્રમને આનંદપૂર્વક માણ્યો હતો.






# ભારતીય બંધારણઃ  રાષ્ટ્રની આધારશિલા
(In pursuit of Excellence Lecture Series )

તા.૧૬-૦૧-૨૦૨૦ નાં રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગૌતમ હોલમાં “In pursuit of Excellence Lecture Series” અંતર્ગત ભારતીય બંધારણઃ રાષ્ટ્રની આધારશિલા વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. આ વ્યાખ્યાન આપવા માટે યુનિવર્સિટીનાં માનનીય બોર્ડ સભ્ય શ્રી કિશોરભાઈ મકવાણાને આમંત્રણ આપવામાં આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે પૂર્વ આઈ.એ.એસ. અધિકારીશ્રી મહેશ જોશી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાય અને યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટીનાં મંગલગાનથી આ કાર્યક્રમનો આરંભ કરવામાં આવેલ હતો.

આ અવસરે મુખ્ય વક્તા શ્રી કિશોરભાઈ મકવાણાએ ‘ભારતીય બંધારણઃ  રાષ્ટ્રની આધારશિલા’ વિષય ઉપર વાત કરતા સંવિધાન વિષે કેટલીક મહત્વની વાતો કહી હતી. રાષ્ટ્રના સુચારુ વ્યવસ્થાપન માટે બંધારણ અતિ મહત્વનું હોય છે. દેશને મજબૂત કરવામાં બંધારણમાં દર્શાવેલા નીતિવિષયક નિયમોનું આચરણ પ્રજાએ કરવું રહ્યું. ભારત દેશમાં આઝાદી પૂર્વે ૫૬૨ રજવાડા હતા પરંતુ તેનું કોઈ બંધારણ હતું નહિ તેથી બંધારણ સમિતિએ કાયદાવિદ્દ બાબાસાહેબ આંબેડકરને બંધારણ સમિતિના અધ્યક્ષ બનાવી કામ સોંપ્યું હતું. ડૉ. બાબાસાહેબે ત્રણ વર્ષ રાતદિવસ સંશોધન, અભ્યાસ કરી દુનિયાનું સૌથી મોટું લેખિત ભારતીય બંધારણ તૈયાર કરી આપ્યું હતું. આ બંધારણ એવું લચીલું છે કે તેમાં ફેરફાર કરી શકાય છે. સુધારા કરીને નાગરિકોને પોષક નિયમો ઉમેરી શકાય છે. ભારતીય બંધારણમાં ૨૫ ભાગ અને ૧૨ પ્રશિષ્ટ છે. આ અવસરે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ ભારતીય બંધારણની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ પોતાના વિચારશીલ વક્તવ્યમાં ઉજાગર કરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાન્શુભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલું અને કાર્યક્રમની આભારવિધિ ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસે કરી હતી.








# ભારતીય સંવિધાન દિવસની ઉજવણી

૨૬ નવેમ્બરનો શુભ દિવસ એટલે આપણો ૭૦ મો સંવિદ્યાન દિવસ ૭૦માં ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીયકક્ષ-સંસદ ભવનમાંથી સીધું જ પ્રસારણ જોવા માટેનું આયોજન કરવામાં આવેલ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સમગ્ર કર્મચારીઓ તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ ૧૧ના સમયે ગૌતમ હોલમાં ભેગા થયા અને આપણી અસ્મિતારૂપ ભારતીય સંવિધાનનું પૂજન કરવામાં આવેલ. કાર્યક્રમનો આરંભ મંગલમય દીપપ્રાગટ્યથી થયા પછી પ્રાર્થના અને યુનિવર્સિટીનું ગીતથી ઉત્સવસમા સમારોહનું સીધું જ પ્રસારણ જોવાનો અને આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી, માનનીય રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિદ અને ઉપરાષ્ટ્રપતિ તેમજ સ્પીકરજીના સંવિદ્યાનના મહત્ત્વને ઉજાગર કરતા પ્રભાવી પ્રાસંગિક વકતવ્યોનું પાન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો ડૉ.અમીબહેન ઉપાધ્યાય અને કર્મચારીઓ એ કરેલ. ભારતના ચારેય માનનીય મહાનુભાવોના પ્રાસંગિક વકતવ્યોમાંથી સંવિદ્યાનના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર તરફનો સ્નેહાદર પ્રગટ થતો હતો. સંવિદ્યાન એટલે આપણી ગરિમા, કતૃત્વ, જાગૃતિ. સંવિધાન આપણને રાષ્ટ્રપ્રેમ શીખવે છે, સંવિધાન આપણા અધિકારો અને કર્તવ્યપાલનની વાત કરે છે એવો સંદેશ મહાનુભાવો તરફથી સમગ્ર રાષ્ટ્રને સંવિધાન દિવસના ઉપક્રમે મળે એ આપણા દેશના નાગરિકો માટે પ્રેરણાપ્રદ છે. આ અવસરે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ પોતાના ટૂંકા અને માર્મિક વકતવ્યમાં કહેલું ‘ભારતીય સંવિધાનમાં લોકતંત્રનો પાયો અને ભારતની લોકશાહીનું ઉજ્જવળ ભવિષ્ય ધબકે છે. ભારતીય સંવિધાન એ આપણો રાષ્ટ્રગ્રંથ છે.’ આ પ્રેરક પ્રસંગે ડૉ. હિમાંશુભાઇ પટેલએ સંવિધાનના આમુખનું વાંચન કરેલું. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામથી જ કાર્યરત ગુજરાતની એકમાત્ર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં આ સમયે ભારતભૂમિ તરફના અસીમ પ્રેમની અનુભૂતિ થતી હતી. સમગ્ર સમારોહમાં ચૈતન્ય સ્ટુડીઓની ટીમનો સહયોગ મળેલ.







**ફિડબેક:**

લોકશાહી દેશમાં પ્રજાથી નાગરિક બનવાની દિશામાં શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા અગત્યની છે. લોકશાહીકરણની આ પ્રક્રિયામાં આજનો કાર્યક્રમ ખરા અર્થમાં દેશકાર્ય કરવાની દિશામાં અગત્યનું પગલું ગણાવી શકાય. (ડૉ. દીપ્તિબા ગોહેલ)



# "ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી"

# ઓનલાઈન ક્વીઝનો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGC ના તા.૨૨-૧૧-૨૦૧૯ ના પત્ર અન્વયે ૭૧ માં ભારતીય સંવિધાન દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે COVID-19 ની મહામારીના કારણે તા. 11/12/2020 ના રોજ સવારે 11:00 કલાકે "ભારતીય સંવિધાન અને બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરજી" ના વિષય આધારિત ઓનલાઈન ક્વિઝનું આયોજન ડૉ.પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- Lib.Sci.) અને ડૉ. હિમાંશુ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર – કોમ્પ્યુટર સાયન્સ) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ક્વીઝમાં આશરે 588 વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના બિન શૈક્ષણિક સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. અને તે તમામને ઓનલાઈન સર્ટીફીકેટ વિતરણની કામગીરી કરેલ. તમામ સહભાગીઓએ આ ક્વીઝને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી.

આ ક્વિઝનો બહોળો પ્રતિસાદ મળેલ હતો તથા આ ક્વિઝમાં ભાગ લેવા માટે કુલ **588** સંખ્યામાં ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ક્વિઝ શરૂ કરવા માટેની લિંક ઉમેદવારના ઈ મેઈલ પર આપોઆપ જાય તથા તા.11/12/2020 ના રોજ સવારે ૧૧ :00 કલાક થી ૧૨ :00 કલાક સુધી લીંક એક્ટિવ રાખવામાં આવેલ હતી. આ ક્વિઝના પ્રશ્નોનું મૂલ્યાંકન ઓનલાઈન આપોઆપ થાય તથા 40 % થી વધારે ગુણ મેળવેલ ઉમેદવારોને ક્વિઝ પૂર્ણ થાય કે તરત જ ઈ – સર્ટીફીકેટ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝનું સંપૂર્ણ મૂલ્યાંકન અને ઈ – સર્ટીફીકેટ આ સાથે સામેલ છે. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ આભાર માનીએ છીએ.


## Insights

**Average**
14.52 / 30 points

**Median**
15 / 30 points

**Range**
2 - 25 points


**Total points distribution**







### ડૉ. આંબેડકરનો જન્મ કઈ સાલમાં થયો હતો?

470 / 588 correct responses




ડૉ. આંબેડકરના ત્રીજા ગુરુ કોણ હતા?

588 responses




ડૉ. આંબેડકર બંધારણનો મુસદ્દો ઘડનારી સમિતિના અધ્યક્ષ ક્યારે બન્યા?

572 responses



# ભારતીય બંધારણ : ક્વીઝનો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGC ના તા.૨૨-૧૧-૨૦૧૯ ના પત્ર અન્વયે ૭૦ માં ભારતીય સંવિધાન દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા. 29/07/2020 ના રોજ COVID-19 ની મહામારીના કારણે ડૉ.પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- Lib.Sci.) અને ડૉ. હિમાંશુ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર – કોમ્પ્યુટર સાયન્સ) ની કામગીરી હેઠળ ભારતીય સંવિધાન વિષયની ઓનલાઈન એક કલાકની ક્વીઝનું આયોજન કરવામાં આવેલ. આ ક્વીઝમાં આશરે 4000 વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના બિન શૈક્ષણિક સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. અને તે તમામને ઓનલાઈન સર્ટીફીકેટ વિતરણની કામગીરી કરેલ. તમામ સહભાગીઓએ આ ક્વીઝને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી.

# ભારતીય સંવિધાન દિવસ અને પુસ્તક પ્રદર્શન નો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૭૧માં ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ઉપક્રમે તારીખ 26-11-2020ને ગુરુવારના રોજ ભારતીય બંધારણના આમુખના વાંચનનું આયોજન વર્ચુઅલ માધ્યમથી કરવામાં આવેલ. જેમાં ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા આમુખ વાંચન કરાવવામાં આવ્યું હતું તથા યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ અને અધ્યાપકશ્રીઓ દ્વારા સાથે જોડાઈને આમુખ વાંચન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવેકાનંદ ગ્રંથાલય ખાતે બપોરે 3:00 કલાકે પુસ્તક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સીટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, સ્કૂલના નિયામકો અને ડાયરેક્ટર દ્વારા પુસ્તક પ્રદર્શનનું ઉદ્ઘાટન અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. યુનિવર્સીટીના તમામ અધ્યાપકો અને કર્મચારીઓ દ્વારા પુસ્તક પ્રદર્શનને રસપૂર્વક ભાગ લીધો હતો.

# <u>ભારતીય બંધારણ – રાષ્ટ્રની આધારશીલા કાર્યક્રમનો અહેવાલ</u>

70માં ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ઉપક્રમે તા. 16-01-2020 ગુરુવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં 'ભારતીય બંધારણ - રાષ્ટ્રની આધારશીલા' વિષય પર જાણીતા પત્રકાર શ્રી કિશોરભાઈ મકવાણાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું માનનીય કુલપતિ શ્રી, શ્રી કિશોરભાઈ મકવાણા, વિશેષ  અતિથિશ્રી મહેશભાઈ જોશી (સચિવશ્રી-ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ) તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય બાદ વક્તાશ્રી તથા મહેમાનોનું સ્મૃતિ ચિહ્ન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

શ્રી કિશોરભાઈ મકવાણાએ ભારતના બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો, માનવાધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતો વિષે અભ્યાસપૂર્ણ વ્યક્તવ્ય આપ્યું. માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયએ અધ્યક્ષીય ઉદબોધનમાં બંધારણની ગરિમા અને હક તથા ફરજ વિષે રોજબરોજની કામગીરી સુસંગત સમજણ તથા આચરણ કેળવવાની વાત પર ભાર મુક્યો. ડૉ  પ્રિયાંકી વ્યાસે આભાર દર્શન વ્યક્ત કર્યું. સ્ટુડન્ટ લર્નર સેન્ટરના સંલગ્ન વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટીના પરિવારના સમુદાયે સમગ્ર કાર્યક્રમને માણ્યો. યુનિવર્સિટી ગીતથી પ્રારંભાયેલો ઉપક્રમ રાષ્ટ્ર ગીતના સમૂહગાન સાથે સમ્પન્ન થયો. ડૉ. હિમાંશુ પટેલના સુચારુ આયોજન અને સંયત સંચાલનથી સમગ્ર કાર્યક્રમ સમયસર ગરિમાપૂર્ણ ઉજવાયો.


Shri Mahesh Joshi
IAS.(Retd)


Shri Mahesh Joshi
IAS.(Retd)


BAOU
Prof. Ami Upadhyay
Hon. Vice-Chancellor


Shri Mahesh Joshi
IAS,(Retd)
BAOU
Education
for All






BAOU
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
“ભારતીય બંધારણ - રાષ્ટ્રની આધારશિલા”





# ભારતીય બંધારણ : ભારતીય સંવિધાન અને સ્ત્રી સશક્તિકરણ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ઉપક્રમે તા.06/03/2020 ના શુક્રવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડરૂમમાં ખાતે યોજવામાં આવેલ. જેમાં ‘ ભારતીય સંવિધાન અને સ્ત્રી સશક્તિકરણ’ વિષય પર જાણીતા સમાજકાર્યકર ડૉ. ભાવના જોશીપુરાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતુ. માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય , ડૉ. ભાવનાબેન જોશીપુરા, ડૉ. આવા શુક્લા તેમજ ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડૉ. દિપ્તીબા ગોહિલ (આસિ. પ્રો.- રાજ્યશાસ્ત્ર) દ્વારા કરવામાં આવ્યું હતુ. સૌ પ્રથમ વક્તાશ્રીનું ખેસ, સ્મૃતિ ચિહ્ન તથા પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ.

ડૉ. આવાબેન શુક્લા (નિયામક –SS) દ્વારા મુખ્ય વક્તાશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ ડૉ. ભાવનાબેન જોશીપુરાએ ભારતીય સંવિધાનમાં સમાવિષ્ટ સ્ત્રીઓના મૂળભૂત અધિકારો, માનવાધીકારો અને સમાનતાના સિદ્ધાંતો વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતુ. આ ઉપરાંત તેમણે તેમના સમાજકાર્યને લગતા કેટલાંક અનુભવો ની પણ ચર્ચા કરી. માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય એ અધ્યક્ષીય ઉદ્દબોધનમાં સ્ત્રીઓએ પોતાની જાતને જાગૃત કરવા બાબત તેમજ બંધારણમાં મળતા અધિકારો અને હકોની સમજણ આપી. આ કાર્યક્રમની પૂર્ણાહુતી ડૉ. ભાવનાબેન જોશીપુરાના સ્લોગનથી અને ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસો. પ્રો.- લાય.સાય.) ના આભાર દર્શન દ્વારા કરવામાં આવી હતી. આંબેડકર યુનિવર્સિટીની તમામ બહેનોએ સમગ્ર કાર્યક્રમને આનંદપૂર્વક માણ્યો હતો.








Dr. Bhavna Joshipura
Prof. Ami Upadhyay
Dr. Awa Shukla
I/C Director (S.S.)


Dr. Bhavna Joshipura
Prof. Ami Upadhyay
Dr. Awa Shukla
I/C Director (S.S.)
Dr. Priyanki Vyas
Associate Professor


Prof. Ami Upadhyay
I/C Director (S.S.)



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGC ના તા.૨૨-૧૧-૨૦૧૯ ના પત્ર અન્વયે ૭૧ માં ભારતીય સંવિધાન દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા.28/12/2020 થી તા.05/01/2021 સુધી "ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી" ના વિષય આધારિત સુવિચાર (સ્લોગન) સ્પર્ધા (હરિફાઈ)નું આયોજન ડૉ.પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- Lib.Sci.) અને ડૉ. હિમાંશુ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર – કોમ્પ્યુટર સાયન્સ) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં સુવિચારો ઈ-મેઈલ દ્વારા મંગાવવામાં આવેલ. આ હરિફાઈમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના બિન શૈક્ષણિક સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. તેમાં અંદાજીત 65 જેટલાં સુવિચાર આવેલ અને તેમના આવેલ સુવિચારોનું મૂલ્યાંકન કરાવવામાં પણ આવેલ. સુવિચારોનું મૂલ્યાંકન ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) અને ડૉ. હેતલબેન ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર – ગુજરાતી) દ્વારા કરવામાં આવેલ. આ આવેલ સુવિચારોમાંથી નીચે મુજબ દર્શાવેલ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના નામ આ પ્રમાણે છે. :

1. આમિર શેખ – પ્રથમ

   "हर फूल को शामिल कर के वह बाग़ाबान बना है,
   बाबा साहब के तामिरों से यह हिन्दुस्तान बना हैं !!"

2. રાજવી કાપડિયા – દ્વિતીય

   "भलाई का जिसमें है विधान, वही है भारतीय संविधान !"

   **" Be Educate, Be Agitate, Be Organize."**

   "नहीं मानता मैं हिन्दू और मुसलमान को, में तो मानता हूँ सिर्फ भारतीय संविधान को !"

3. શ્રુતિ મનોજકુમાર સુતરિયા – તૃતીય

   " મણકા જેવું આ સમાજજીવન, જો દોર મહીં પરોવાયે,
   સ્વસ્થ સુગંધી સમાજ મળશે , એને બંધારણ માળા કહેવાય."

“વગર કાયદે પશુપક્ષી પણ જીવે જોને નીતિથી,

માનવજીવન પણ મહેકાયે, જો રહે બંધારણ રીતિથી.”

ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઓનલાઈન સર્ટીફીકેટ વિતરણની કામગીરી કરેલ. તમામ સહભાગીઓએ આ સ્પર્ધાને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ આભાર માનીએ છીએ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૦૪/૧૨/૨૦૨૦ના રોજ બપોરે ૦૪ કલાકે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા "ઇન પર્સ્યુટ ઓફ એક્સેલન્સ લેક્ચર સિરીઝ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન શ્રેણીમાં "ધ થ્સિપિયન ટેલ્સ: રોલ ઓફ થિયેટર ઇન એજ્યુકેશન" વિષય પર ચર્ચાઓ થઈ હતી.

આ વ્યાખ્યાન શ્રેણીમાં વક્તા તરીકે શ્રી અભિનય બેન્કર જોડાયા હતા. જેઓ થિયેટર ડિરેક્ટર, નાટ્યકાર, પટકથા લેખક અને અભિનેતા તરીકે કાર્યરત છે. તેઓ ગુજરાતમાં પ્રાયોગિક થિયેટરના પ્રણેતા તરીકે ઓળખાય છે. તે આરંભ ‘આર્ટ એકેડેમી’ નામની થિયેટર કંપનીના સ્થાપક અને ડિરેક્ટર પણ છે. તો ગુજરાતની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં થિયેટર આર્ટ્સના અધ્યાપક છે. તેમણે ફ્રાંસ, ઇટાલી, યુ.એસ.એ. અને જર્મની જેવા વિવિધ દેશોના ઘણા કલાત્મક દિગ્દર્શકો સાથે કામ કર્યું છે.

અભિનયજીએ ‘શિક્ષણમાં રંગભૂમિની ભૂમિકા’ વિશે વાત કરી હતી.

અભિનયજીએ વિદ્યાર્થીઓના જીવનમાં થિયેટરની જરૂરિયાત અને પર્ફોર્મિંગ આર્ટ્સ વિશે વાત કરી. તેમણે થિયેટર અને ફિલ્મ નિર્દેશન, અભિનય અને સ્ક્રિપ્ટ લેખનના પોતાના અનુભવો રજુ કર્યા. તેમણે નાટક અને અભિનય, સામાજિક અને વૈશ્વિક ચિંતાઓને દૂર કરવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેની ચર્ચા પણ કરી. તેમણે ‘અકૂપાર’, ‘ચલતા ફિરતા મુંબઇ’, ‘કસ્તુરબા’ વગેરે જેવા તેમના નાટકોનો પણ ઉલ્લેખ કર્યો, તેમણે વિવિધ કલાકારોને પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા શીખવવા પર ભાર મૂક્યો. તેમણે કોવિડ 19ને કારણે લોકોના નાજૂક માનસિક સ્વાસ્થ્ય પર શ્રોતાઓનું ધ્યાન દોર્યું અને કહ્યું કે, “આપણા દૈનિક જીવનમાં અભિવ્યક્તિઓ માટે કોઈ જગ્યા નથી જે માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ નુકસાનકારક છે. થિયેટર અને પરફોર્મિંગ આર્ટ્સ ભાવનાત્મક અભિવ્યક્તિઓ માટેના સ્થાનો છે. તે કેથાર્સિસનું કામ કરે છે.”

અભિનયજીના સમજદાર વક્તવ્ય પછી માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ'માં ચોસઠ કલાઓના સમાવેશનો ઉલ્લેખ કર્યો. તેમણે થિયેટર, નૃત્ય અને અન્ય પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે આગામી સર્ટીફીકેટ, ડિપ્લોમા અને ડિગ્રી અભ્યાસક્રમોની જાહેરાત કરી. તેમણે આગામી "રેસિનેસ્ચિલ પર્ફોમિંગ આર્ટ્સ વર્કશોપ" વિશે પણ વાત કરી. પછી અભિનયજીનો આભાર માન્યો. ત્યારબાદ શ્રોતાઓ તરફથી પ્રશ્નોત્તરી કરવામાં આવી અને તેના સંતોષકારક ઉત્તરો પણ મળ્યા. અંતે વક્તા શ્રી અભિનય બેન્કરજીનો આભાર માનવામાં આવ્યો. આ વ્યાખ્યાન શ્રેણીનું સંચાલન ડૉ. દિપલ પંડયા (સહાયક અધ્યાપક – અંગ્રેજી) દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર વેબિનાર વર્ચ્યુઅલ પ્લેટફોર્મના માધ્યમથી ખૂબ સફળ રહ્યો.

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા 71માં ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ઉપક્રમે, ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન તારીખ 06/12/2020ને રવિવારના રોજ 12:00 કલાકે <u>आज का भारत संविधान और बाबासाहब आंबेडकर जी</u> વિષય ઉપર ઓનલાઈન નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી દ્વારા આંબેડકરના વિચારોની સમજણ આપી હતી, શ્યામા પ્રસાદ મુખર્જી કોલેજ, યુનિવર્સિટી ઓફ દિલ્હી પોલીટીકલ સાયન્સના અધ્યાપિકા ડૉ. ચંદ્રકાન્તા માથુર દ્વારા આંબેડકર અને મહિલાઓના હક વિશે વક્તવ્ય આપ્યું હતું. લેખક, કોલોમીસ્ટ, નેહરુ મેમોરીયલ મ્યુઝીયમ અને લાયબ્રેરીના સભ્ય તથા આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર આદરણીય શ્રી કિશોરભાઈ મકવાણા દ્વારા આંબેડકરના જીવન ઉપર વક્તવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપિકા ડૉ. અર્ચના મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. નેશનલ વેબિનાર ફેસબુક સોશિયલ મીડિયા ઉપર લાઇવ કરવામાં આવેલ જેમાં 31800 People Reached, 8909 Post Engagements અને 148 લોકો દ્વારા BAOUનું ફેસબુક પેજ Like કરવામાં આવ્યું હતું.**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ જ્યારે આખું વિશ્વ ૩, ડિસેમ્બરના રોજ <u>'વિશ્વ અક્ષમતા'</u> દિવસની ઉજવતું હતું ત્યારે દિવ્યાંગ વ્યક્તિઓમાં રહેલ વિશિષતાને પિછાણી તેમની 'ક્ષમતા'ને ઉજવવાનું નક્કી કર્યું. અને પરિણામરૂપ પાંચ દિવસનું પ્રદર્શન કમ-સેલનું આયોજન ડૉ.**

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત 'અત્રિ' સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટર દ્વારા યુનિવર્સિટી ખાતે જ કરવામાં આવ્યું. જે અંધજન મંડળ, બી. એમ. ઇન્સ્ટીટયુટ ફોર મેન્ટલ હેલ્થ અને નવજીવન દિવ્યાંગ બાળકોની સંસ્થા જેવી ત્રણ માતબર સંસ્થાના દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા બનાવેલી હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું. પ્રદર્શનનું ઉદ્ઘાટન માન. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના હસ્તે કરવામાં આવ્યું. સૌ મહેમાનોનું સ્વાગત અંધજન મંડળના દિવ્યાંગજન શ્રી સચેતભાઈ ગાંધી દ્વારા કંકુ અક્ષતથી કરવામાં આવ્યું. સદર પ્રદર્શનનો લહાવો યુનિવર્સિટીના તમામ સભ્યોએ લીધો જ પણ તેમના પરિવારજનોએ પણ ઉત્સાહપૂર્વક પ્રદર્શનની મુલાકાત લઈ. બધી જ સંસ્થાઓનો ઉત્સાહ વધાર્યો. સંસ્થાઓએ પોતાના પ્રતિભાવમાં સ્વીકાર્યું કે યુનિવર્સિટી દ્વારા આટલો અભૂતપૂર્વ પ્રતિસાર અપાશે. તેની તેમને કલ્પના સુધ્ધા ન હતી. આ સમગ્ર પ્રદર્શનનું આયોજન 'અત્રિ' સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટરના સંયોજક ડૉ. નિગમ પંડ્યાએ માંન. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી અને નિયામક(SS) ડૉ. આવા શુક્લાજીના માર્ગદર્શન હેઠળ કાર્ય હતું.

૨૯/૧૨/૨૦૨૦ : ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભારતીય યુનિવર્સિટીઓના સંગઠને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના વિશેષ સંદર્ભમાં 'ભારતીય ભાષાઓ, કળા અને સંસ્કૃતિને મજબૂત બનાવવાની' આ વિષય પર રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કર્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જાહેર કરાયેલા ઉચ્ચ શિક્ષણમાં. માનનીય કુલપતિ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય અને શ્રીમતી ડૉ. પંકજ મિત્તલ (મહાસચિવ)એ તેમના પ્રેરણાદાયી શબ્દોથી આ પ્રસંગને આકર્ષ્યો. પ્રખ્યાત વક્તાઓ શ્રી ચાંદકીરન સલુજા, (એસોસિયેટ પ્રોફેસર, દિલ્હી યુનિવર્સિટી), શ્રી અતુલ કોઠારીજી, (રાષ્ટ્રીય સચિવ, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ) અને પ્રો. બલવંત જાની, (કુલપતિશ્રી ડૉ. હરિસિન્ગૌર વિશ્વવિદ્યાલય) તેઓએ તેમના પ્રવચનોમાં સંબોધન કર્યું હતું કે ભારતીય કળા અને સંસ્કૃતિનો પ્રોત્સાહન ફક્ત રાષ્ટ્ર માટે જ નહીં, પણ વ્યક્તિગત માટે પણ મહત્વપૂર્ણ છે. તે તેમના પોતાના સાંસ્કૃતિક ઇતિહાસ, કળાઓ, ભાષાઓ અને પરંપરાઓના મજબૂત અર્થમાં અને જ્ઞાનના વિકાસ દ્વારા છે કે વિદ્યાર્થીઓ સકારાત્મક સાંસ્કૃતિક ઓળખ અને આત્મગૌરવ બનાવી શકે છે. અને તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ તેમની શિક્ષણ અને શીખવાની પદ્ધતિઓમાં સમાન લગાડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

દ્રોણાચાર્ય સેન્ટર : તા. ૦૪/૦૧/૨૦૨૧ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓમાં 'દ્રોણાચાર્ય સ્ટાર્ટઅપ અને ઇનોવેશન એન્ડ આંત્રપ્રિન્યોરશીપ કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું. આ કેન્દ્રનું ઉદ્ઘાટન માનનીય શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા રાજ્ય કક્ષાના મંત્રી શ્રી વિભાવરીબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું. તો હાયર એજ્યુકેશન સેક્રેટરી શ્રીમતિ અંજુ શર્માએ સ્ટાર્ટઅપ અને ઇનોવેશનની વિભાવના સ્પષ્ટ કરી આપી હતી. સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી અંતર્ગત આ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ દરમ્યાન યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ. અમીબહેન ઉપાધ્યાય દ્વારા વિદ્યાર્થીઓ માટે બે વર્ષ માટે બે કરોડનીની ગ્રાન્ટની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના વિવિધ ઇનોવેશનમાંથી કુલ ચાર ઇનોવેશન અને સ્ટાર્ટઅપને સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય શિક્ષનીતિ ૨૦૨૦ –

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે તા. ૦૨/૦૨/૨૦૨૧ના રોજ 'રાષ્ટ્રીય શિક્ષનીતિ ૨૦૨૦' વિષય પર વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી અતુલ કોઠારીજી હતા. માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાયએ આમંત્રિત વક્તાશ્રીનું સ્મૃતિચિન્હ આપી સ્વાગત કર્યું હતું. આ વ્યાખ્યાન શ્રેણીમાં યુનિવર્સિટીના સર્વે નિયામકશ્રીઓ અને અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. શ્રી અતુલ કોઠારીજીએ કહ્યું કે, કોઈ પણ વિચાર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી અલગ અલગ અનુભવ થઈ શકે છે. શિક્ષણનું તાત્પર્ય અસત્યથી સત્ય તરફ અને અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જવાનું છે, આગળ તેમણે વાત કરી કે, આ શિક્ષણ નીતિ સરકાર માટે નથી પરંતુ સમાજ માટે છે એટલે આ નવી શિક્ષણ નીતિને અમલમાં મુકવા માટે શરૂઆત આપણાથી જ કરવી પડશે. આ નવી શિક્ષણ નીતિને જો બરાબર અમલમાં લાવી શકીએ તો જ શિક્ષણ વ્યવસ્થા બદલાશે. શિક્ષક બદલાશે ત્યારે શિક્ષણ બદલાશે. આ નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીકેન્દ્રી, વ્યક્તિત્વ વિકાસની નીતિ છે. તેમણે સંશોધનની દ્રષ્ટિ, અનુવાદની બાબત, માતૃભાષામાં સંશોધન કેવી રીતે કરવું આદિ બાબતો પર માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વનમાલા બવીસ્કારે કર્યું હતું અને યુનિવર્સિટીની પરંપરા અનુસાર આભારવિધિ ડૉ. સંજય પટેલ દ્વારા કરવામાં આવી હતી.


BAOU
Education for All
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
ભારતીય સંવિધાન દિવસ
૨૬ નવેમ્બર











# ભારતીય સંવિધાન દિવસનો અહેવાલ

UGC ના તા. ૨૨-૧૧-૨૦૧૯ માં પત્ર ક્રમાંક D.O.No. F.1- 62/2019 (Website) મુજબ ૭૦ માં ભારતીય સંવિધાન દિવસની સ્મૃતિ ઉજવણીના ભાગરૂપે તા.26-11-2019 ના રોજ 11:00 વાગે સંસદ ભવન ખાતેથી માનનીય રાષ્ટ્રપતિ, માનનીય ઉપરાષ્ટ્રપતિ તથા માનનીય વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રને સંબોધન કરવામાં આવેલ. જેનું જીવંત પ્રસારણ દુરદર્શન લોકસભા ટીવી તેમજ , રાજ્યસભા ટીવી દ્વારા પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી દ્વારા ૭૦માં ભારતીય સંવિધાન દિવસની સ્મૃતિ ઉજવણીના ભાગરૂપે ઉપરોક્ત જીવંત પ્રસારણ જોવા માટેનું આયોજન ગૌતમ હોલ ખાતે કરવામાં આવેલ તથા બંધારણના આમુખનું વાંચન કરવામાં આવેલ .આ કાર્યક્રમમાં સહભાગી થયેલ સૌ યુનિવર્સિટી પરિવારના સભ્યોનું  આભાર માની  કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

## “ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી” ઓનલાઈન સુવિચાર (સ્લોગન) સ્પર્ધાનો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત UGC ના તા.૨૨-૧૧-૨૦૧૯ ના પત્ર અન્વયે ૭૧ માં ભારતીય સંવિધાન દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા.28/12/2020 થી તા.05/01/2021 સુધી “ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી” ના વિષય આધારિત સુવિચાર (સ્લોગન) સ્પર્ધા (હરિફાઈ)નું આયોજન ડૉ.પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- Lib.Sci.) અને ડૉ. હિમાંશુ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર – કોમ્પ્યુટર સાયન્સ) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં સુવિચારો ઈ-મેઈલ દ્વારા મંગાવવામાં આવેલ. આ હરિફાઈમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના બિન શૈક્ષણિક સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. તેમાં અંદાજીત 65 જેટલાં સુવિચાર આવેલ અને તેમના આવેલ સુવિચારોનું મૂલ્યાંકન કરાવવામાં પણ આવેલ. સુવિચારોનું મૂલ્યાંકન ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) અને ડૉ. હેતલબેન ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર – ગુજરાતી) દ્વારા કરવામાં આવેલ. આ આવેલ સુવિચારોમાંથી નીચે મુજબ દર્શાવેલ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના નામ આ પ્રમાણે છે. :

1. આમિર શેખ – પ્રથમ

   “हर फूल को शामिल कर के वह बाग़ाबान बना है,
   बाबा साहब के तामिरों से यह हिन्दुस्तान बना हैं !!”

2. રાજવી કાપડિયા – દ્વિતીય

   “भलाई का जिसमें है विधान, वही है भारतीय संविधान !”

   “ Be Educate, Be Agitate, Be Organize.”

   “नहीं मानता मैं हिन्दू और मुसलमान को, मैं तो मानता हूँ सिर्फ भारतीय संविधान को !”

3. શ્રુતિ મનોજકુમાર સુતરિયા – તૃતીય

" મણકા જેવું આ સમાજજીવન, જો દોર મહીં પરોવાયે,
સ્વસ્થ સુગંધી સમાજ મળશે , એને બંધારણ માળા કહેવાય."

"વગર કાયદે પશુપક્ષી પણ જીવે જોને નીતિથી,
માનવજીવન પણ મહેકાયે, જો રહે બંધારણ રીતિથી."

ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઓનલાઈન સર્ટીફીકેટ વિતરણની કામગીરી કરેલ. તમામ સહભાગીઓએ આ સ્પર્ધાને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ આભાર માનીએ છીએ.